# સોમવારે આર્થિક પગલાંની જાહેરાત : પ્રણવ

કોલકાતા,તા.૨૩

ભારતીય અર્થતંત્રમાં પ્રવર્તી રહેલી મંદીના સંકેત અંગે ચિંતા વ્યક્ત કરતા નાણામંત્રી પ્રણવ મુખર્જીએ આજે કહ્યુ હતુ કે સરકાર આરબીઆઈ સાથે વાતચીત કરીને બજારની સ્થિતિને સુધારવા તથા અર્થતંત્રમાં તેજી લાવવા સોમવારના દિવસે ચોક્કસ પગલા જાહેર કરશે. તેમણે કહ્યુ હતુ કે આર્થિક બાબતોના વિભાગે આરબીઆઈના ગર્વનર ડી સુબ્બારાવ સાથે વાતચીત કરી લીધી છે. આ સંબંધમાં લેવામાં આવનાર પગલા અંગે વાતચીત થઈ ચુકી છે. તેમણે એમ પણ કહ્યુ છે કે બજારની સ્થિતિમાં સુધારો થાય તેવા પગલા સોમવારના દિવસે જાહેર કરવામા આવશે. જીડીપી ૬.૫ ટકા છે. ફુગાવાનુ દબાણ છે. ડોલર સામે રૂપિયામાં સતત નીચી સપાટી જોવા મળી રહી છે. આ તમામ પ્રતિકૂળ સંજોગો વચ્ચે ભારતીય અર્થતંત્રમાં મંદીના સંકેત દેખાઈ રહ્યા છે. જેથી હવે અર્થતંત્રમાં તેજી લાવવા નવા પગલા જાહેર કરવામા આવશે. પ્રણવે એમ પણ કહ્યુ હતુ કે ભારતીય આર્થતંત્રમાં મૂલભૂત પરિબળો ખૂબ જ મજબૂત છે. જાન્યુઆરીથી જૂન ૨૦૧૨ વચ્ચેનો ગાળો એફઆઈઆઈ મૂડી પ્રવાહ માટે મહત્વપૂર્ણ હતો. આ ગાળા દરમ્યાન આઠ અબજ ડોલરની રકમ આવી હતી. વર્ષ ૨૦૧૧માં આ ગાળા દરમ્યાન મંદી રહી હતી. આ વર્ષે એફડીઆઈ પ્રવાહ ૪૬ અબજ ડોલરથી ૪૮ અબજ ડોલર વચ્ચે રહ્યો છે. નાણામંત્રી તરીકે પ્રણવ મુખર્જી છેલ્લા પગલા જાહેર કરે તેમ માનવામા આવી રહ્યુ છે. પત્રકારો સાથે વાતચીત કરતા કોલકાતામાં પ્રણવે અન્ય મુદ્દાઓ ઉપર પણ વાત કરી હતી. પ્રધાને ગઈકાલે જ કહ્યુ હતુ કે પગલા પહેલાથી જ લેવામા આવી ચુક્યા છે. અન્ય કેટલાક પગલા લેવામા આવી રહ્યા છે. નાણામંત્રાલય તરફથી અથવા તો આરબીઆઈ તરફથી પગલાની જાહેરાત કરાશે. પ્રણવ મુખર્જી આવતીકાલે નાણામંત્રી તરીકે રાજીનામુ આપનાર છે. કારણ કે તેઓ યૂપીએના ઉમેદવાર તરીકે રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર દાખલ કરશે. નાણામંત્રી તરીકે કોલકાતાની તેમની છેલ્લી મુલાકાત દરમ્યાન પ્રણવે કહ્યુ હતુ કે જીડીપી ૬.૫ ટકા છે. આ સપ્તાહની શરૂઆતમાં જ ઉદ્યોગ જગતના અધિકારીઓએ આરબીઆઈના વલણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આરબીઆઈએ નાણાકીય નીતિની તેની મધ્ય ત્રિમાસિક સમીક્ષામાં અર્થતંત્રમાં નવા પ્રાણ ફુકવા કોઈ નવા પગલા લીધા ન હતા. વ્યાજદર યથાવત રાખ્યા હતા.પ્રણવે કહ્યુ હતુ



કે જ્યારે સમગ્ર વિશ્વમાં મંદી પ્રવર્તી રહી છે ત્યારે કોઈપણ દેશ વિકાસની ઝડપની અપેક્ષા રાખી શકે નહી. ખાસ કરીને ભારત જેવુ મોટુ અથતંત્ર અસરોથી બચી શકે નહી. વિદેશી પરિબળોની અસરો ચોક્કસ પણે થાય છે. નાણામંત્રીએ કહ્યુ હતુ કે ભારતીય અર્થતંત્રમાં નવા પ્રાણ ફુકવાની ગણતરી ચાલુ રહેશે.પ્રણવના આ નિવેદનથી સોમવારના દિવસે બજારમાં નવી તેજી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે.

## પ્રણવ મુખર્જી આજે કેન્દ્રીય નાણામંત્રી તરીકે રાજીનામુ આપશે

કોલકાતા,તા.૨૩

પ્રણવ મુખર્જી આવતીકાલે કેન્દ્રીય નાણામંત્રી તરીકે રાજીનામુ આપશે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાની તેઓ તૈયારી કરી ચુક્યા છે. આની સાથે જ પ્રણવ ટેકો આપવા માટે તૃણમુલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જીને પરોક્ષ રીતે અપીલ કરશે. સત્તામાં વર્ષો સુધી પ્રધાન તરીકે રહ્યા બાદ રાજીનામુ આપતા પહેલા પ્રણવ મુખર્જી આજે કોલકાતા પહોંચ્યા હતા. અને તેઓ તેમના વતન રાજ્યના ઘણા વિસ્તારમાં પહોચ્યા હતા બીરભુમમાં તેમના પ્રાચીન આવાસમાટે રવાના થતા પહેલા પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યુ હતુ કે નાણામંત્રી તરીકે કોલકાતાની આ તેમની છેલ્લી યાત્રા છે. કારણ કે તેઓ હોદ્દો છોડવા જઈ રહ્યા છે.૭૭ વર્ષીય પ્રણવ મુખર્જી મે ૨૦૦૯માં સત્તા ઉપર યૂપીએ-૨ આવ્યા બાદ નાણામંત્રી બન્યા હતા. યૂપીએ-૧માં આ પીઠ કોંગ્રેસી નેતા સંરક્ષણ અને વિદેશ ખાતુ



સંભાળી રહ્યા હતા. સૂત્રોએ કહ્યુ છે કે પ્રણવ મુખર્જી ૨૮મી જૂનના દિવસે રાષ્ટ્રપતિ ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરશે. નોમિનેશન પેપરના ચાર સેટ જેમાં દરેકમાં ૫૦ પ્રપોઝર્સ અને સેકન્ડર્સ હશે. તે તૈયાર કરવામા પડશે. પ્રણવે કહ્યુ હતુ કે તૃણમુલ કોંગ્રેસનો ટેકો મેળવવાના પ્રયાસ થઈ રહ્યા છે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે સાથી પક્ષોનો ટેકો મેળવવામા આવશે. પ્રણવે એમ પણ કહ્યુ હતુ કે એક પાર્ટનર સિવાય યૂપીએના તમામ ઘટકપક્ષો તેમની ઉમેદવારીને ટેકો આપી ચુક્યા છે. સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી, સીપીએમ, જેડીયૂ અને શિવસેના જેવા અન્ય પક્ષો પણ ટેકો આપી ચુક્યા છે.તૃણમુલ કોંગ્રેસ હજુ પણ કોઈ રાષ્ટ્રપતિ પદના ઉમેદવારને ટેકો આપવાની વાત ન કરતા ગૂંચવણ ભરી સ્થિતિ છે. યૂપીએ અને અન્ય પક્ષોના ટેકા બાદ પ્રણવ મુખર્જીને ૧૦.૯૮ લાખ વોટના ઈલેક્ટોરલ કોલેજમાં ૬.૩૮ લાખ મત મળે તેવી શકયતા છે. જ્યારે પીએ સાંગમાને ૩.૧૨ લાખ જેટલા મત મળી શકે છે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે જરૂરી સંખ્યા ૫૪૯૪૪૨ છે.

## પાયલોટોના પગાર અહેવાલને અમલી બનાવવા સમિતિ બની

નવી દિલ્હી, તા.૨૩

સરકારની માલિકીની એર ઈન્ડિયાએ પગાર અને પ્રમોશન માળખા અંગે ધર્માઅધિકારી કમિટી અહેવાલની ભલામણોને અમલી બનાવવા એક સમિતિની રચના કરી દીધી છે. આ પેનલ ઈન્ડિયન એરલાઈન્સના પ્રતિનિધીઓની બનેલી હશે. આમા અનેક નિષ્ણાંત લોકો પણ હશે. આજે જારી કરવામા આવેલા એક નિવેદનમાં જણાવવામા આવ્યુ હતુ કે પગાર નક્કી કરવાની બાબત, લેવલ મેટી અને સિનિયોરીટી જેવા મામલાઓ પર ૬થી ૮ સપ્તાહની અંદર અંતિમ નિર્ણય કરવામા આવશે. નિવેદનમાં જણાવવામા આવ્યુ છે કે નાગરિક મંત્રાલયના આદેશના આધાર પર કમિટિની રચના કરવામા આવી ચુકી છે જેમાં એર ઈન્ડિયામાં સ્પેશ્યલ ડ્યુટી પર રહેલા મંત્રાલયના અધિકારી અને ડિરેક્ટર સૈયદ નસીરનો સમાવેશ થાય છે. ધર્માધિકારી પેનલની રચના એરઈન્ડિયા અને ઈન્ડિયન એરલાઈન્સના કર્મચારી વચ્ચે જુદા જુદા વિવાદો ઉકેલવાના હેતુસર કરવા ભલામણ કરવામા આવી હતી. આ અહેવાલ જાન્યુઆરીમાં આપવામા આવ્યો હતો. મંત્રાલય દ્વારા અહેવાલ સ્વીકારી લેવામા આવી ચુક્યો છે. ધર્માધિકારી કમિટિની ભલામણમાં જણાવવામા આવ્યુ છે કે ભારે નુકસાન કરી રહેલી એરલાઈન જ્યા સુધી એરલાઈન્સ ઓપરેશનની દૃષ્ટિએ નફાકારક ન બને ત્યાં સુધી તમામ ઈન્ક્રીમેન્ટ રોકી દેવા જોઈએ. પાયલોટોને ચુકવવામા આવતા તર્ક સંગત ભથ્થાઓની પણ જરૂર છે. આ સંબંધમાં શ્રેણીબદ્ધ ખર્ચ કાપના પગલા સૂચવવામા આવ્યા હતા. જેમાં વિદેશમાં રોકાણ અને ભથ્થાઓનો સમાવેશ થાય છે. સ્ટાફના લોકોને મફત ટિકિટ જેવા લાભ પર અંકુશ મુકવાની પણ વાત કરવામા આવી હતી.

## એનડીએમાં કોઈપણ તિરાડ નથી : શરદ યાદવ

નવી દિલ્હી, તા.૨૩

જેડીયૂના વડા શરદ યાદવે આજે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે એનડીએમાં કોઈપણ પ્રકારની તિરાડ નથી. મીડિયામાં પ્રકાશિત થઈ રહેવા અહેવાલોને શરદ યાદવે રદિયો આપ્યો હતો. યાદવે કહ્યુ હતુ કે યૂપીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર પ્રણવ મુખર્જીને ટેકો આપવાનો જેડીયૂ દ્વારા નિર્ણય કરવામા આવ્યો છે. પરંતુ આનાથી એનડીએમાં તિરાડની કોઈ સ્થિતિ નથી. એનડીએ બિલકુલ સંગઠિત છે અને હમેશા સંગઠિત જ રહેશે. જેડીયૂના જનરલ સેક્રેટરી શિવાનંદ તિવારીએ અગાઉ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પીએ સાંગમાને ટેકો આપવાના તેના વલણ પર ફેર વિચારણા કરવા ભાજપને અપીલ કરી હતી. તિવારીના સૂચનના અનુસંધાનમાં શરદ યાદવે તેમની ટિપ્પણી કરી હતી. શરદ યાદવે એમ પણ કહ્યુ હતુ કે યૂપીએ બિલકુલ સંગઠિત છે. રાષ્ટ્રપતિની ચૂટણીના મામલે પક્ષોના જુદા જુદા મત છે. શિવાનંદ તિવારીએ ગઈકાલે એમ કહીને ભારે હોબાળો મચાવી દીધો હતો કે ભારતીય અર્થતંત્રની સ્થિતિ જો ભાજપના નેતા રવિશંકર પ્રસાદે



સંભાળી હોત તો પણ કોઈ અલગ રહી ન હોત. યાદવે કહ્યુ હતુ કે આ નિવેદન બે દિવસ પહેલાનો છે. પક્ષના અન્ય નેતાઓ જે નિવેદન કરી રહ્યા છે તે બિહારના મુખ્યમંત્રી અથવા તો તેમને પૂછીને કરે તે જરૂરી છે. યાદવે પક્ષના નેતાઓ માટે સાફ આદેશ જારી કર્યો હતો જેમાં આડેધડ નિવેદન ન કરવા જેડીયૂના નેતાને કહેવામા આવ્યુ છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે પ્રણવને ટેકો આપવાનો મતલબ કોંગ્રેસ સામે પક્ષનુ વલણ હળવુ થયુ છે કે નહી. દેશમાં અંધાધૂંધી માટે કોંગ્રેસ અને યૂપીએ જવાબદાર છે. શરદ યાદવે ધ્યાન દોર્યુ હતુ કે અગાઉની રાષ્ટ્રપતિની ચૂંટણી દરમ્યાન પણ એનડીએના ઘટકપક્ષોએ જુદા જુદા વલણ અપનાવ્યા હતા. શિવસેનાએ ૨૦૦૭માં કોંગ્રેસના ઉમેદવાર પ્રતિભા પાટિલને ટેકો આપ્યો હતો જ્યારે અકાળીદળે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જેલસિંહેને ટેકો આપ્યો હતો. જેડીયૂના નેતાઓ વિવાદાસ્પદ નિવેદન કરીને ફાયર ફાઈટીંગની પ્રવૃતિમાં લાગે છે.

## સોનામાં ૫૦નો વધારો


નવી દિલ્હી, તા.૨૩

શેરબજારમાં એક બાજુ ઉથલપાથલનો દોર ચાલી રહ્યો છે. બીજી બાજુ ડોલર સામે રૂપિયામાં પણ ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. ત્યારે બુલિયન બજારમાં રોકાણકારો ઉત્સાહ દર્શાવી રહ્યા છે. પરંતુ રોકાણકારો બુલિયન બજારની દિશાને લઈને પણ આશ્ચર્યચકિત થયેલા છે. અમદાવાદ બુલિયન બજારથી પ્રાપ્ત અહેવાલ મુજબ અમદાવાદમાં ચાંદીની કિંમતમાં કોઈ ફેરફાર થયો ન હતો. ચાંદીની કિંમત ગઈકાલનની ૫૨૮૦૦થી ૫૩૩૦૦ રહી હતી. બીજી બાજુ અમદાવાદ બુલિયન બજારમાં સોનાની કિંમતમાં ૫૦ રૂપિયાનો વધારો થયો હતો. સોનાની કિંમત આજે ૩૦૩૦૦થી ૩૦૪૦૦ વચ્ચે રહી હતી. નવી દિલ્હીથી પ્રાપ્ત અહેવાલ મુજબ સતત ત્રણ દિવસ સુધી ઘટાડો રહ્યા બાદ સોનામાં દિલ્હીમાં પમ ૫૦ રૂપિયાની રિકવરી થી હતી. જેથી ભાવ ૩૦૪૫૦ રહ્યો હતો. જ્યારે ચાંદીની કિંમતમાં સતત ચોથા દિવસે ૯૨૫ રૂપિયા સુધીનો ઘટાડો નોંધાયો હતો.

## રાજેશ ખન્નાની તબીયત ફરી બગડતા હોસ્પિટલમાં દાખલ

મુંબઈ, તા.૨૩

વિતેલા વર્ષોના સુપરસ્ટાર અભિનેતા અને ચાહકોમાં કાકા તરીકે વધુ જાણીતા રાજેશ ખન્નાની તબીયત આજે ફરી વાર બગડી ગઈ છે. શનિવારે સવારે પેટમાં દુખાવાની ફરિયાદ થયા બાદ રાજેશ ખન્નાને મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામા આવ્યા છે. રાજેશ ખન્નાની સાથે હોસ્પિટલમાં પરિવારના તમામ સભ્યો પણ છે. એમ માનવામા આવે છે કે રાજેશ ખન્નાના પેટમાં ઈન્ફેકશન છે. જો કે હોસ્પિટલે રાજેશ ખન્નાની તબીયત અંગે કોઈપણ પ્રકારની માહિતી આપી નથી. આ અગાઉ તબીયત ખરાબ હોવાના અહેવાલો વચ્ચે રાજેશ ખન્નાએ મીડિયા સમક્ષ રજૂ થઈને તેઓ બિલકુલ સ્વસ્થ છે. તેવી માહિતી આપી હતી. રાજેશ ખન્નાને બોલિવુડના પ્રથમ સુપર સ્ટાર તરીકે ગણવામા આવે છે. રાજેશ ખન્નાએ



પોતાના કરિયરની શરૂઆત ૧૯૬૬માં આખરી ખત સાથે કરી હતી. રાજેશ ખન્નાએ બોબી ફિલ્મ મારફતે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરનાર ડિમ્પલ કાપડિયા સાથે લગ્ન કર્યા હતા. ૧૯૮૨માં બંને વચ્ચે છુટા છેડા થઈ ગયા હતા. રાજેશ ખન્નાની બે પુત્રીઓ છે જેમાં ટ્વિંકલ ખન્ના અને રિંકી ખન્નાનો સમાવેશ થાય છે. અભિનેતા અક્ષય કુમાર રાજેશ ખન્નાના મોટા જમાઈ છે. ૧૯૬૮થી ૧૯૭૨ વચ્ચે રાજેશ ખન્નાએ એક પછી એક સુપર હિટ ફિલ્મો આપી હતી. જેમાં રાજ, દો રાસ્તે, દુશ્મન, હાથીમેરે સાથી, આરાધના અને અમર પ્રેમ જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. તાજેતરમાં જ રાજેશ ખન્ના એક પંખાની જાહેરાતમાં પણ નજરે પડ્યો હતો. આ જાહેરાતનુ નિર્દેશન ફિલ્મ પાના નિર્દેશક બાલ્કી દ્વારા કરવામા આવ્યુ હતુ. રાજેશ ખન્નાને સૌથી પહેલા ઓપીડીમાં લઈ જવાયા હતા એ વખતે તેમના પૂર્વ પત્ની પણ સાથે હતા. ત્યારબાદ રાજેશ ખન્નાને હોસ્પિટલના ૧૧મા માળે લઈ જવાયા હતા. ટ્વિંકલ ખન્ના હાલ રાજેશ ખન્નાની પાસે છે. સુરક્ષા વ્યવસ્થા પણ હોસ્પિટલની આસપાસ મજબૂત કરી દેવામા આવી છે. રાજેશ ખન્નાની ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ અંજુ મહેન્દ્રુ પણ ગઈકાલે રાત્રે હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

## ભારતીય અમેરિકી સુનિતા જુલાઈમાં અંતરિક્ષમાં જશે

વોશિંગ્ટન, તા.૨૩

ભારતીય અમેરિકન સુનિતા વિલયમ્સ જુલાઈમાં ફરી એકવાર અંતરિક્ષમાં જશે. વર્ષ ૨૦૦૬માં છ મહિના સુધી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં રહીને કામ કરી ચુકેલી અને અનેક રેકોર્ડ સર્જી ચૂકેલી સુનિતા વિલયમ્સ ફરી એકવાર અતંરિક્ષમાં જનાર છે. અંતરિક્ષ યાત્રી તરીકે સુનિતા વિલયમ્સ ૧૪મી જુલાઈના દિવસે રવાના થશે. રશિયન ફેડરલ સ્પેશ એજન્સીના ફલાઈટ એન્જિનિયર્સ અને જાપાન એરો સ્પેસ એક્સોલેરેશન એજન્સીના અધિકારી સાથે વિલયમ્સ અંતિરક્ષ તરફ આગે કૂચ કરશે. ૪૬ વર્ષીય સુનિતા વિલયમ્સ સ્ટેશનના ૩૨ ક્રુરમાં ફલાઈટ એન્જિનિયર તરીકે રહેશે.



સ્પેશ સ્ટેશનમાં અભ્યાસ કરવાની પ્રવૃતિ હાથ ધરવામા આવશે. નાસાએ માહિતી આપતા કહ્યુ છે કે સુનિતા વિલયમ્સ અને તેના સાથીઓ સ્ટેશન પર રોકાણ દરમ્યાન અન્ય મહત્વપૂર્ણ માહિતી એકત્તર કરશે. વ્યસ્ત ગાળા દરમ્યાન જાપાન, યૂએસ રશિયન સાથે બે સ્પેશ વોક પણ કરશે. વૈજ્ઞાનિક સંસોધનની પ્રક્રિયામાં ઝડપી બનાવામા આવશે. સુનીતા વિલિયમ્સના પિત ગુજરાતી હતી. ૧૯૯૮માં નાસા દ્વારા અંતરિક્ષ યાત્રી તરીકે સુનિતા વિલિયમ્સની પસંદગી કરાઈ હતી. એક્સપેડીશન ૧૪ અને ત્યારબાદ એકસીપીડીશન ૧૫ના સભ્ય તરીકે સુનિતા વિલિયમ્સ ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશન પહોંચી હતી. સુનિતા વિલિયમ્સે ૧૯૯૫માં ફલોરીડા ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીમાથી માસ્ટર ડિગ્રી મેળવી હતી. સ્પેશમાં સુનિતા વિલિયમ્સ અને અંતરિક્ષ યાત્રીઓએની ટીમ ઘણી બાબતોની ચકાસણી કરશે. લંડનમાં સમર ઓલમ્પિકના પ્રસંગે તેમની ટીમ અંતરિક્ષમાં પહોંચી રહી છે. પત્રકાર પરિષદમાં સુનિતા વિલિયમ્સે કહ્યુ છે કે આ યાત્રાને લઈને ફરી ઉત્સુકતા દેખાઈ રહી છે તેમની સાથે રશિયન અને અમેરિકી લોકો સ્પેશ વોક કરશે. વિલિયમ્સ અગાઉ અંતરિક્ષમાં જઈને આવ્યા બાદ અમદાવાદની મહેમાન બની હતી.



ઓક્સફોર્ડ યુનિવર્સિટી, લંડન ખાતે મહાન ક્રિકેટ મનસુર અલી ખાન પટૌડીના માનમાં યોજાયેલા એક કાર્યક્રમમાં યુનિવર્સિટીના ઉપકુલપતિ એન્ડ્રુ હેમીલટન સાથે શર્મિલા ટાગોર, સૈફઅલી ખાન, સોહા અલી, કરીના કપુર, સબા અલી ખાન અને કૃણાલ ખેમુ ઉપસ્થિત રહ્યા હતાં.

## વન્ય વિસ્તારમાં આગ બાદ વૈષ્ણોદેવી યાત્રા ફરીથી શરૂ

જમ્મૂ,તા.૨૩

જમ્મૂ-કાશ્મીરના રિયાસી જિલ્લામાં ત્રિકુટા પહાડીઓ પર ગઈકાલે મોડી રાત્રે આગ ફાટી નિકળ્યા બાદ વિશ્વ પ્રસિદ્ધ માતા વૈષ્ણો દેવી મંદિર ગુફાની યાત્રા થોડાક સમય સુધી મોકૂફ રાખવામાં આવ્યા બાદ વૈષ્ણો દેવી યાત્રા ફરી શરૂ થઈ ચુકી છે. અટવાયેલા યાત્રીઓ હવે આગળ વધી રહ્યા છે. જો કે હજું પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અટવાયેલા હોવાનું જાણવા મળી રહ્યું છે. અગાઉ યાત્રા મોકૂફ કરી દેવા માટે કારણ આપતા અધિકારીઓએ કહ્યું હતું કે સાવચેતીના પગલારૂપે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સત્તાવાર સુત્રોએ કહ્યું છે કે સાંજે આશરે ૭.૦૦ વાગે ત્રિકુટા ની પહાડીમાં આવેલા વન્ય વિસ્તારમાં કોઈ કારણસર આગ ફાટી નીકળી હતી. વૈષ્ણો દેવી ગુફાની



યાત્રાના નવા રૂટ હેમકોટી નજીક આ આગ ફાટી નીકળી હતી. આગે થોડાક સમયમાં જ વિનાશક સ્વરૂપ ધારણ કરી લીધુ હતુ. આ આગ ઝડપથી પહાડીઓના ઉપરના હિસ્સામાં સાંજિછત, અર્ધકુમારી અને ભૈરવઘાટની આસપાસ સુધી ફેલાઈ ગઈ હતી. આગ ફાટી નીકળ્યાની ઘટના બાદ યાત્રાને સાવચેતીના પગલારૂપે રોકી લેવામાં આવી હતી. ગુફા તરફ જતાં શ્રદ્ધાળુઓને આધાર શિબિર કટરા પરત જવાની સલાહ આપવામાં આવી હતી. બીજી બાજુ ગુફામાં માતા વૈષ્ણો દેવીના દર્શન કરી ચુકેલા શ્રદ્ધાળુઓને ભવન તરફ જ પરત મોકલી દેવામાં આવ્યા હતા. યાત્રા રોકી દેવાતા ધાર્મિક સ્થળ ગણાતા કટરામાં હાલ ૨૦થી ૨૫ હજાર જેટલા શ્રદ્ધાળુઓ અટવાઈ પડ્યા હતા. હવે શ્રદ્ધાળુઓ ફરી વૈષ્ણો દેવી માતાની યાત્રા આગળ વધારી રહ્યા છે. ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવવામાં સફળતા મળી હતી.

## કર્ણાટકના મંત્રી કુમારે અંતે આપેલુ રાજીનામુ

બેંગ્લોર, તા.૨૩

કર્ણાટકના કાયદા મંત્રી એસ સુરેશ કુમારે આજે રાજીનામુ આપી દીધુ હતુ. જો કે મુખ્યમંત્રી ડીવી સદાનંદ ગૌડાએ રાજીનામાનો સ્વીકાર કરવાનો ઈન્કાર કર્યો હતો. નિયમોનો ભંગ કરીને એક નિવાસી સ્થળ ઉપર તેઓએ જગ્યા લઈ લીધી હતી તેવા આક્ષેપ સપાટી ઉપર આવ્યા બાદ પ્રધાને રાજીનામુ આપ્યુ હતુ. એસ સુરેશ કુમારે કહ્યુ હતુ કે તેઓએ કોઈ ખોટુ કામ કર્યુ નથી. જો કે આક્ષેપ સપાટી પર આવ્યા બાદ નૈતિક આધાર ઉપર ગૌડાને કુમારે રાજીનામુ સોપી દીધુ હતુ. સાથે સાથે બેંગ્લોર ડેવલપમેન્ટ ઓથોરીટીને પત્ર લખી રહ્યા છે અને મુખ્યમંત્રીના વિશેષ ક્વોટા હેઠળ તેમને આપવામા આવેલી જમીન પરત આપી રહ્યા છે. બીએસ યેદિયુરપ્પાના શાસન દરમ્યાન મુખ્યમંત્રીના ક્વોટામાંથી આ પ્રધાનને જમીન અપાઈ હતી. એવો આક્ષેપ કરાયો હતો કે એસ સુરેશ કુમારને નિયમોનો ભંગ કરીને ૪૦૦૦ સ્કવેર ફુટ જમીન આપી દેવામા આવી હતી.

## ગ્રીસને ૪-૨થી કચડી નાંખી જર્મન ટીમ સેમી ફાઈનલમાં

ડાનેસ્ક,તા.૨૩

યૂરો ૨૦૧૨ ફુટબોલ ચેમ્પિયનશીપમાં ગઈકાલે મોડી રાત્રે રમાયેલી બીજી ક્વાર્ટર ફાઈનલ મેચમાં હોટ ફેવરીટ જર્મનીએ ગ્રીસ ઉપર ૪-૨થી જીત મેળવીને સેમી ફાઈનલમાં એન્ટ્રી કરી લેવામાં સફળતા મેળવી હતી. મેચમાં પ્રથમ હાફમાં જર્મન તરફથી હાફ ટાઈમ પૂર્ણ થવામાં ૬ મિનિટનો ગાળો બાકી હતો ત્યારે કેપ્ટન અને ડિફેન્ડર ફિલીપ લામે ગોલ કર્યો હતો. હાફ ટાઈમ બાદ મેચની ૫૫મી મિનિટમાં ગ્રીસ તરફથી જીયાર્જીસ સમ્રાસે ગોલ કરીને સ્કોર બરોબરા કરવામાં સફળતા મેળવી હતી પરંતુ ત્યારબાદ સામી ખેડીરા, મીરોસલ્વા ક્લોઝ અને માર્કોરીયસ તરફથી કરવામાં આવેલા ગોલના કારણે જર્મનીએ ૪-૧ની લીડ મેળવી લીધી હતી. મેચની ૮૯મી મિનિટમાં ગ્રીસ તરફથી ડિમીકિસે પેનેલ્ટી કોર્નર મારફતે ગોલ ફટકારીને પોતાની ટીમને આંશિક રાત અપાઈ હતી જો કે જર્મનીની ટીમ આ ગાળા સુધી નિર્ણાયક લીડ મેળવી ચુકી હતી. આ મેચની સાથે જ જર્મનીએ સેમીફાઈનલમાં પોતાનો સ્થાન નિશ્ચિત કરી લીધું હતું. સેમી ફાઈનલમાં ઈંગ્લેન્ડ અથવા તો ઈટાલી સાથે તેની ટક્કર થશે. યૂરો ૨૦૧૨માં જર્મની ટીમ એક માત્ર એવી ટીમ છે જે તમામ મેચો જીતીને સેમી ફાઈનલમાં પહોંચી છે. જર્મનીની ટીમને હવે હોટ ફેવરીટ ગણવામાં આવે છે. પ્રથમ ક્વાર્ટર ફાઈનલ મેચમાં પોર્ટુગલે ચેક ગણરાજ્યને હાર આપીને સેમી ફાઈનલમાં એન્ટ્રી કરી હતી. જર્મની તરફથી ગ્રીસ સામેની મેચમાં તમામ ખેલાડીઓ શાનદાર રમત રમી હતી અને ગ્રીસના ખેલાડીઓને કોઈ તક આપી ન હતી. હવે આવતીકાલે અંતિમ ક્વાર્ટર ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડ અને ઈટાલી વચ્ચે જંગ ખેલાશે આ મેચમાં વિજેતા બનનાર ટીમ જર્મની સામે ટકરાશે. ઈંગ્લેન્ડના કેલાડી વાઈને રૂનીએ ફોર્મ મેળવી લીધા બાદ ઈંગ્લેન્ડની આશા વધી ગઈ છે. ઈંગ્લેન્ડ તરફથી પ્રથમ બે મેચ નહીં રમ્યા બાદ રૂનીની એન્ટ્રી થઈ હતી. ત્રીજી લીગ મેચમાં તેની એન્ટ્રી થઈ હતી અને એક ગોલ પણ કર્યો હતો. એક મુલાકાતમાં વાઈને રૂનીએ કહ્યું છે કે ઉંચી અપેક્ષાના દબાણમાં ઈંગ્લેન્ડની તક પણ વધી ગઈ છે. સ્પેન અને જર્મનીની ટીમ ખૂબ જ શક્તિશાળી દેખાઈ રહી છે. વ્યક્તિગત ખેલાડીઓ અંગે પુછવામાં આવતા રૂનીએ કહ્યું હતું કે મારિયો ગોમેઝ શાનદાર દેખાવ કરી રહ્યો છે. ઈંગ્લેન્ડની પણ તક રહેલી છે.

યુક્રેન પર જીત અંગે પુછવામાં આવતા રૂનીએ કહ્યું હતું કે તમામ ખેલાડીઓએ શાનદાર રમત રમી હતી. સ્પેન અને ફ્રાન્સ વચ્ચેની મેચ ઉપર હવે તમામની નજર હશે. બીજી બાજુ આવતીકાલના ઈંગ્લેન્ડ અને ઈટાલી વચ્ચેની મેચ પણ હાઈ પ્રોફાઈનલ બની રહે તેવી શક્યતા છે. ગઈકાલની મેચની વિશેષતા એ હતી કે આ મેચમાં જર્મનીના પ્રમુખ એન્જેલા માર્કેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ઓક્ટોબરથી તમામને મફત દવા આપવા તૈયારીઓ જારી

નવી દિલ્હી,તા.૨૩

દેશભરમાં સરકારી આરોગ્ય સુવિધાઓ અથવા તો કેન્દ્રોમાં જતા તમામ દર્દીઓને મફતમાં દવા ઉપલબ્ધ કરાવવાની ભારતની મહત્વકાંક્ષીનિતિ ઓક્ટોબરથી શરૂ થશે. કેન્દ્ર સરકાર ખર્ચ પૈકી ૭૫ ટકા ખર્ચ ઉપાડશે. હાલમાં જાહેર ક્ષેત્ર વસ્તી પૈકી ૨૨ ટકા વસ્તીને આરોગ્ય સંભાળની સુવિધા ઉપલબ્ધ કરાવે છે. આરોગ્ય મંત્રાલયને અંદાજ છે કે વર્ષ ૨૦૧૭ સુધી આ ટકાવારી વધીને ૫૨ થઈ જશે. દવાઓ એક વખતે મફતમાં મળવા લાગી ગયા બાદ જાહેર ક્ષેત્ર વસ્તીના ૫૨ ટકા લોકોને આરોગ્ય સંભાળની સુવિધા ઉપલબ્ધ કરાશે. વડાપ્રધાન મનમોહનસિંહ પોતે આ મહત્વકાંક્ષી યોજનાને ટેકો આપી ચુક્યા છે. તમામ લોકોને મફતમાં દવા આપવાની હિલચાલથી લોકોને પણ રાહત મળશે. વર્ષ ૨૦૧૨-૧૩ માટે આયોજનપંચ તરફથી આ યોજના હેઠળ પ્રથમ વખતે ૧૦૦ કરોડ રૂપિયા મળી ચુક્યા છે. સમગ્ર કાર્યક્રમ પર ખર્ચ અંદાજે ૧૨મી પંચવર્ષીય યોજનામાં ૨૮૫૬૦ કરોડ રૂપિયા લેશે. હાલમાં આરોગ્ય સેક્ટર દેશની કુલ વસ્તી પૈકી ૨૨ ટકા વસ્તીને હેલ્થકેરની સુવિધા આપે છે. એક વખતે દવાઓ મફતમાં મળી ગયા બાદ ગરીબ અને મધ્યમ વર્ગને ફાયદો થશે. ૧.૬ લાખ સબ સેન્ટરો, ૨૩ હજાર પ્રાઈમરી હેલ્થ સેન્ટરો, ૫૦૦૦ કોમ્યુનિટિ હેલ્થ સેન્ટરો, ૬૪૦ જિલ્લા હોસ્પિટલોથી મફતમાં દવા ઉપલબ્ધ થશે. મંત્રાલય દ્વારા જરૂરી દવાઓની એક રાષ્ટ્રીય યાદી મોકલી દીધી છે. જેમાં એઈડ્સ વિરોધી દવાઓનો સમાવેશ પણ થાય છે. રાજ્યોને પણ કેટલી સુચના આપવામાં આવી છે. સ્કીમ હેઠળ ફંડની આશરે ૭૫ ટકા રકમ કેન્દ્ર ઉપાડશે જ્યારે બાકીની રકમની વ્યવસ્થા રાજ્યોને કરવી પડશે. જિલ્લા ફંડ પૈકીની પાંચ ટકા રકમ ઈડીએલ બહાર દવાની ખરીદી માટે ઉપયોગી કરી શકાશે. પીએમઓ દ્વારા શક્ય તેટલી વહેલીતકે સેન્ટર પ્રોક્યુરમેન્ટ એજેન્સી શરૂ કરવા મંત્રાલયને સુચના આપી છે.